"રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક"
(D.G.P.'s Commendation Medal)
આપવા અંગેની મંજુરી બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક : HD/IPS/AWARD/8/2026/3725/B (IPS)

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૯/૦૭/૨૦૨૬

**વંચાણે લીધા :-**

(૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૯/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: પદક/ ૧૦૨૦૨૦/૩૯/વ.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૦૪/૦૫/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: એસબી/૪/ડી.જી.પી. - ડીસ્ક/૨૬૯/૨૦૨૬.

**પ્રસ્તાવના:-**

ગૃહ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા:૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવથી ગુજરાત પોલીસના અધિકારીઓ / કર્મચારીઓની પ્રશંસનીય સેવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા **"રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક"** (D.G.P's Commendation Medal) આપવા અંગેની વ્યવસ્થા અમલમાં મુકવા અંગેની મંજુરી આપવામાં આવેલ. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઉપરના તા. ૦૪/૦૫/૨૦૨૬ના પત્રથી "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" (D.G.P's Commendation Medal) આપવા અંગેની હાલની જોગવાઇઓમાં સુધારાઓ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા:૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવમાં સુધારો કરી ગુજરાત પોલીસદળના તમામ સંવર્ગના અધિકારી/કર્મચારીઓને "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" (D.G.P's

Commendation Medal) આપવા અંગે આથી, નિમ્નદર્શિત વિગતે નવેસરથી મંજુરી આપવામાં આવે છે:-

૧. પોલીસ અધિકારી/કર્મચારીઓને (તમામ સંવર્ગ) રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક એનાયત કરવા માટે નીચે મુજબના માપદંડ નિર્ધારીત કરવામાં આવે છે.

(૧) હિમ્મત, કૌશલ્ય અને સૂઝબૂઝની રીતે ઉત્કૃષ્ટ કાર્ય કરેલ હોય.

(૨) કુદરતી આપત્તિ દરમ્યાન ઉત્કૃષ્ટ કાર્ય કરેલ હોય.

(૩) કાર્યપધ્ધતિ સુધારવા માટે નવતર પ્રયોગનું કાર્ય કરેલ હોય.

(૪) મુશ્કેલ કેસો શોધવા/નિરાકરણ લાવવા માટે પ્રશંસનીય કાર્ય કરેલ હોય.

(૫) ઓછામાં ઓછો ૦૫ વર્ષનો સ્વચ્છ સેવા-વિષયક રેકોર્ડ હોય.

(૬) ડ્રાઇવરના કેસમાં છેલ્લા ૦૭ વર્ષનો અકસ્માત મુક્ત ડ્રાઈવીંગ રેકોર્ડ હોય.

(૭) બે અઠવાડીયાથી વધુ સમયગાળાના તાલીમ કોર્સમાં 'ઉત્તમ' ગ્રેડ મેળવેલ હોય.

(૮) અન્ય કોઇ ઉત્તમ કાર્ય કરેલ હોવું જોઇએ કે જે પ્રશંસાને પાત્ર હોય.

(૯) રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ સિદ્ધિ.

(૧૦) વહીવટી ફરજોમાં નવિનીકરણમાં ઉત્કૃષ્ટ કામગીરી.

(૧૧) ટ્રાફીક મેનેજમેન્ટ/ રોડ સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કામગીરી.

(૧૨) BDDS / આર્મર/ બેન્ડ / માઉન્ટેડ ડ્યુટીમાં ઉત્કૃષ્ટ કામગીરી.

(૧૩) ચુંટણી લક્ષી ફરજમાં ઉત્તમ કામગીરી.

(૧૪) કમિટિને યોગ્ય લાગે તેવું ઉત્તમ કાર્ય કરનાર.

૨. રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદકની પાત્રતા નક્કી કરવા માટે નીચે મુજબની સ્ક્રીનીંગ સમિતિ નિર્ધારીત કરવામાં આવે છે:

| | | |
|---|---|---|
| ૧. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨. | પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ) | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩. | પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો) | સભ્ય |
| ૪. | પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા) | સભ્ય |
| ૫. | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તકનીકી સેવાઓ) | સભ્ય |
| ૬. | પોલીસ મહાનિરીક્ષકશ્રી, સી.આઇ.ડી. (ઇન્ટેલીજન્સ) | સભ્ય |
| ૭. | પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ) | સભ્ય |

૩. રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદકની ડીઝાઈન વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા:૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવથી નક્કી કર્યા મુજબની રહેશે.

૪. રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદકની સંખ્યા **૧૪૮** નિર્ધારીત કરવામાં આવે છે, જેની જિલ્લા, શહેર અને કચેરીવાર નીચે મુજબ ફાળવણી કરવાનું નિયત કરવામાં આવે છે ;

| | | |
|---|---|---|
| ૧ | ગૃહ વિભાગના તાબા હેઠળની પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તેમજ અન્ય કચેરીઓમાં નિમણૂંક પામેલ આઈ.પી.એસ. અધિકારીઓ અને અન્ય પોલીસ અધિકારીઓ (તમામ સંવર્ગ) | ૧૨ |
| ૨ | પોલીસ કમિશ્નરશ્રીની કચેરીઓ | ૨૫ |
| ૩ | તમામ ક્ષેત્રિય કચેરીઓ | ૪૫ |
| ૪ | હથિયારી એકમો | ૩૦ |
| ૫ | સી.આઈ.ડી., ક્રાઇમ અને રેલ્વેઝ | ૫ |
| ૬ | સી.આઈ.ડી., ક્રાઈમ (આઇ.બી.) | ૫ |
| ૭ | તકનીકી સેવાઓ | ૫ |
| ૮ | તમામ તાલીમ સંસ્થાઓ | ૫ |
| ૯ | સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ (S.T.B.) (શહેર/જિલ્લા ટ્રાફીક સહિત) | ૧૦ |
| ૧૦ | આંતકવાદ વિરોધી દળ (A.T.S.) અને કોસ્ટલ સિક્યુરીટી દળ | ૫ |
| ૧૧ | BDDS / આર્મરર/ બેન્ડ / માઉન્ટેડ યુનિટ/ડોગ સ્ક્વોડ | ૧ |
| | કુલ | ૧૪૮ |

૫. આ ઉપરાંત રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા સિવિલીયન અધિકારી/કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી બદલ કુલ:-૧૦ ''રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ'' એનાયત કરવામાં આવશે. ''રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ'' ની ડિઝાઈન પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત કરવાની રહેશે.

૬. સિવિલીયન કર્મચારીઓને ''રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ'' એનાયત કરવા માટેના નીચે મુજબના માપદંડો નિયત કરવામાં આવે છે.

(૧) વહીવટી કામગીરીમાં ઉત્કૃષ્ઠ કાર્ય કરનાર.

(૨) ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી પૂર્ણ કરેલી હોવી જોઇએ.

(૩) રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલની પાત્રતા માટે પોલીસ ખાતાના કાયમી સિવિલીયન અધિકારી/કર્મચારીઓ જેવા કે નાયબ વહિવટી અધિકારી, કચેરી અધિક્ષક, મુખ્ય કલાર્ક, સીનીયર કલાર્ક, જુનીયર કલાર્ક, એકાઉન્ટન્ટ રહેશે.

૭. "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" તથા "રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ" એનાયત કરવા માટે નીચે મુજબની રૂપરેખા નક્કી કરવામાં આવે છે.

(૧) તા.૦૧ ઓગષ્ટ થી તા.૩૦ ઓગષ્ટ સુધીમાં સંબંધિત કચેરીએ દરખાસ્ત કરવાની રહેશે. જે દરખાસ્તો મળ્યા બાદ સપ્ટેમ્બર / ઓકટોમ્બર માસમાં દરખાસ્તોની સ્ક્રીનીંગ કમિટી દ્વારા ચકાસણી કરવામાં આવશે.

(૨) "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" તથા "રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ" દર વર્ષે ૧૫-ડીસેમ્બર "પ્રેસીડેન્ટ કલર્સ ડે" ના રોજ એનાયત કરવામાં આવશે.

૮. "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" અને "રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ" એનાયત કરતા પહેલાના છેલ્લા ૦૫ વર્ષના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ/ખાનગી અહેવાલ ધ્યાને લેવાના રહેશે. જો કોઈ વર્ષના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ/ખાનગી અહેવાલ ઉપલબ્ધ ન હોય તો તેટલા વર્ષ અગાઉના અહેવાલ ધ્યાને લેવાના રહેશે. "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" અને "રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ" ની પાત્રતા માટે અધિકારી / કર્મચારીએ નોમીનેશન ફાઇલ કર્યા તારીખથી છેલ્લા ૬ મહિનાની અંદર નાની શિક્ષા ન થયેલી હોવી જોઇએ તેમજ છેલ્લા ૩ વર્ષમાં મોટી શિક્ષા ન થયેલી હોવી જોઇએ. વધુમાં, ખાતાકીય તપાસ/ ક્રિમિનલ કેસ પડતર હોય તેવા અધિકારી/કર્મચારીને તેમજ કોઈપણ શિક્ષાની અમલવારી

ચાલુ હોય તેવા અધિકારીશ્રી/કર્મચારીશ્રીને પ્રશંસા પદક/ કમેન્ડેશન રોલ એનાયત થઈ શકશે નહિ.

૯. **પ્રશંસા પદક / કમેન્ડેશન રોલ પરત ખેંચવા અંગેની જોગવાઇ:**

જો પ્રશંસા પદક/ કમેન્ડેશન રોલ ધારક તપાસ બાદ રૂખસદ (Removal), મોટી શિક્ષા, ગુનાહીત અપરાધ વગેરે જેવા કૃત્ય માટે કે પોલીસ તંત્રની નામોશી માટે જવાબદાર ઠરે તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી પ્રશંસા પદક/ કમેન્ડેશન રોલ પરત ખેંચવા માટે સક્ષમ રહેશે.

૧૦. "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" તથા "રાજ્ય પોલીસ વડા કમેન્ડેશન રોલ"ની સંખ્યામાં તેમજ નિયત થયેલ માપદંડોમાં ફેરફાર કરવાની જરૂર જણાય ત્યારે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા સરકારશ્રીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

૧૧. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કે.કે.પટેલ)**

સંયુક્ત સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, લોકભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ગૃહ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- ગૃહ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/સર્વે નાયબ સચિવશ્રી/સર્વે ઉપ સચિવશ્રી/સર્વે સેકશન અધિકારીશ્રી.
- ગૃહ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાશ્રીઓની કચેરી.
- સેક્શન અધિકારીશ્રી, આઇ-ટી-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર આ ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ.